### માનવ સંસાધન મંત્રાલયના NIRF રેન્કિંગમાં ગુજરાતનો કંગાળ દેખાવ, મેનેજમેન્ટમાં IIM દેશમાં નંબર વન

# ઉચ્ચ શિક્ષણ રેન્કિંગમાં ધબડકો, IIMએ આબરૂ બચાવી

અમદાવાદ, તા.૩

માનવ સંસાધન મંત્રાલય દ્વારા ૨૦૧૮ના વર્ષના નેશનલ ઇન્સ્ટીટ્યુશનલ રેન્કિંગ ફ્રેમવર્ક આજે જાહેર થયાં છે. દેશભરની ટોપ-10 યુનિવર્સિટી, કોલેજ, ઇન્સ્ટીટ્યુટમાં ક્યાંય ગુજરાતનું નામોનિશાન નથી. એકમાત્ર આઇઆઇએમ સિવાય ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ગુજરાતનો કંગાળ અને ભંગાર દેખાવ રહ્યો છે. વિકાસની હરણફાળ ભરતા રાજ્યમાં નંબર વનનો દરજ્જો ભોગવતા ગુજરાતમાં શિક્ષણની સ્થિતિ કેટલી હદે ખરાબ છે તેનું પ્રતિબિંબ નેશનલ રેન્કિંગમાં ફલિત થયું છે.

ઇન્ડિયા રેન્કિંગમાં ઓવરઓલ કેટેગરીમાં એકમાત્ર ગાંધીનગર આઇઆઇટી ૩૯માં નંબરે આવી છે. તે સિવાય એક પણ સંસ્થા નથી. યુનિવર્સિટીની કેટેગરીમાં આણંદ એગ્રિકલ્ચર યુનિવર્સિટી ૮૩ અને નિરમા યુનિવર્સિટી ૯૪માં નંબરે છે. ગત વર્ષે સેન્ટ્રલ યુનિવર્સિટી 10૪માં સ્થાને હતી તે આ વર્ષે ક્યાંય નથી. નિરમા યુનિવર્સિટીનું સ્થાન ગત વર્ષે ૭૫મું સ્થાન હતું. જ્યારે ગુજરાત યુનિવર્સિટી 111માં સ્થાને છે. જે ગત વર્ષે ૧૨૦મું હતું. સૌથી મોટી યુનિવર્સિટી જીટીયુએ પણ અરજી કરી નથી. રાજ્યમાં ૭૦ જેટલી યુનિવર્સિટી પણ એકેય ટોપ-10માં નથી. મોટાભાગની યુનિ.એ તો અરજી કરી નથી. ઇજનેરી કેટેગરીમાં આઇઆઇટી-ગાંધીનગર ૨૭માં અને સુરતની એસવીએનઆઇટી ૬1માં સ્થાને છે. રાજ્યમાં ૫૦૦ કરતાં વધુ ઇજનેરી કોલેજ છે પણ એકેયનો ક્યાંય અતોપતો નથી. કોલેજની કેટેગરીમાં આણંદની પી.ટી. પટેલ સાયન્સ કોલેજને ૪૮મું અને અમદાવાદની સેન્ટ ઝેવિયર કોલેજને ૬૫મું સ્થાન મળ્યું છે. મેનેજમેન્ટ કેટેગરીમાં આઇઆઇએમ અમદાવાદને પ્રથમ સ્થાન મળ્યું છે. તે સિવાય મેડિકલ, આર્કિટેક્ચર અને લો કેટેગરીમાં એક પણ કોલેજ કે યુનિવર્સિટી નથી.

## ઓવરઓલ દેખાવ

| સંસ્થા | શહેર | સ્કોર | રેન્ક |
|---|---|---|---|
| આઇઆઇટી | ગાંધીનગર | ૪૯.૩૧ | ૩૯ |
| આણંદ એગ્રિકલ્ચર યુનિ. | આણંદ | – | ૧૦૧ |
| જૂનાગઢ એગ્રિકલ્ચર યુનિ. | જૂનાગઢ | – | ૧૧૮ |
| નિરમા યુનિવર્સિટી | અમદાવાદ | – | ૧૩૫ |
| ચારુતર યુનિ. ઓફ સાયન્સ | ચાંગા | – | ૧૫૬ |
| ડીડીઆઇટી | ગાંધીનગર | – | ૧૫૮ |
| ગુજરાત યુનિવર્સિટી | અમદાવાદ | – | ૧૬૪ |
| નવસારી એગ્રિકલ્ચર યુનિ. | નવસારી | – | ૧૭૬ |
| સૌરાષ્ટ્ર યુનિવર્સિટી | રાજકોટ | – | ૧૮૪ |

## યુનિવર્સિટી ક્ષેત્રમાં દેખાવ

| સંસ્થા | શહેર | સ્કોર | રેન્ક |
|---|---|---|---|
| આણંદ એગ્રિકલ્ચર યુનિ. | આણંદ | ૩૯.૨૧ | ૮૩ |
| નિરમા યુનિવર્સિટી | અમદાવાદ | ૩૮.૧૫ | ૯૪ |
| ચારુતર યુનિવર્સિટી | ચાંગા | – | ૧૦૫ |
| ડીડીઆઇટી | ગાંધીનગર | – | ૧૦૭ |
| ગુજરાત યુનિવર્સિટી | અમદાવાદ | – | ૧૧૧ |
| સૌરાષ્ટ્ર યુનિવર્સિટી | રાજકોટ | – | ૧૩૭ |
| ધર્મસિંહ દેસાઇ યુનિ. | નડિયાદ | – | ૧૬૪ |
| પીડીપીયુ | ગાંધીનગર | – | ૧૮૬ |
| સરદાર પટેલ યુનિવર્સિટી | આણંદ | – | ૧૮૮ |

## એન્જિનિયરિંગ ક્ષેત્રે દેખાવ

| સંસ્થા | શહેર | સ્કોર | રેન્ક |
|---|---|---|---|
| આઇઆઇટી | ગાંધીનગર | ૫૦.૪૫ | ૨૭ |
| એસવીએનઆઇટી | સુરત | ૪૨.૧૧ | ૬૧ |
| ડીડીઆઇટી | ગાંધીનગર | – | ૧૦૮ |
| ઇન્સ્ટિ. ઓફ ટેક્નો. નિરમા યુનિ. | અમદાવાદ | – | ૧૧૬ |
| એમ.એસ. યુનિવર્સિટી | વડોદરા | – | ૧૭૩ |

## મેનેજમેન્ટ કોલેજ ક્ષેત્રે દેખાવ

| | | | |
|---|---|---|---|
| આઇઆઇએમ | અમદાવાદ | ૭૯.૧૮ | ૧ |
| ઇરમા | આણંદ | ૪૩.૬૨ | ૪૩ |
| ઇન્સ્ટિ. ઓફ મેનેજમેન્ટ, નિરમા | અમદાવાદ | – | ૫૮ |

## ફાર્મસી કોલેજ ક્ષેત્રે દેખાવ

| સંસ્થા | શહેર | સ્કોર | રેન્ક |
|---|---|---|---|
| એમ.એસ. યુનિવર્સિટી | વડોદરા | ૫૬.૭૮ | ૧૨ |
| એનઆઇપીઇઆર | ગાંધીનગર | ૫૫.૯૫ | ૧૪ |
| ઇન્સ્ટિ. ઓફ ફાર્મસી, નિરમા | અમદાવાદ | ૫૧.૬૪ | ૧૮ |
| એલ.એમ. કોલેજ ઓફ ફાર્મસી | અમદાવાદ | ૪૬.૦૪ | ૨૪ |
| બી.કે. મોદી સ્ફાર્મસી કોલેજ | રાજકોટ | – | ૫૬ |
| કે.બી.ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્મસી | ગાંધીનગર | – | ૮૪ |
| માલીબા ફાર્મસી કોલેજ | તરસાડી | – | ૮૭ |

**Title:** The poor performance of Gujarat in the NIRF Ranking of the Human Resource Ministry, IIM is the number one in the mangement in the country.

**Source:** Sandesh (Pg.no.03)

**Date:** 04/04/2018